No Pages to Display

Jyotsna Shridhar

12
2/3/2

# ગૌરીનાં ગીતો

દેશળજી પરમાર

અમદાવાદ: ૧૯૮૫
પહેલી આવૃત્તિ

હવે પછી છપાશે

કૌમાર-કાવ્યો

[ સર્વ હક કર્તાને સ્વાધીન ]

આઠ આના

“ બીજની કલા સમી
ઊગી ને આથમી”

એ....પુણ્યસ્મરણે

# ઉઘાડ

આ રાસોનો ચોથ ભાગ ચૌદેક વર્ષ જેટલો જુનો છે અને બાકીના પાછળથી થએલાં ઉમેરણો છે. ઘણાંક ગીતો જુદેજુદે સ્થળે માસિકોમાં અને રાસ-સમુચ્ચયોમાં છપાયાં છે; અને બીજાં અપ્રગટ પ્રથમવાર રજુ થાય છે. 'ન્હાના ન્હાના રાસ'ના ગુરુત્વાકર્ષણમાં જન્મ પામીને મારા રાસોએ સ્વતંત્ર ઉછેર લીધો છે. કેટલાક સ્વયંભૂ વૃત્તિમાંથી અને કેટલાક ઉઘડતા કૌમારની બાળાઓ પ્રત્યેની મારી શિક્ષણ પ્રવૃત્તિમાંથી મળી આવ્યા છે.

બધા જ રાસ નવી કન્યાની મનોદશાના નાના નાના કણ જેવા દીસશે. અને તેમને જુદા જુદા સ્ત્રીસમાજોએ તેમ જ પુરકુમારીઓએ ગરબા ઉત્સવોમાં તેમજ શેરીઓમાં છુટક છુટક ઝીલેલા પણ છેઃ ખાસ કરીને વનિતા-વિશ્રામની કન્યાવિદ્યાર્થીઓએ તેમને સત્કાર્યા છે. અને મને ખાતરી છે કે મારી કાઠિયાવાડી 'બેનબાઓ'ને પણ એ જરૂર સ્વીકાર્ય થશે. આવતી પ્રજા કલ્પનારંગી, કોડીલી અને રસિકચતુર છે એવી શ્રદ્ધા આ ન્હાનકડાં ગીતોમાંથી સૌ કોઈ જોઈ શકશે.

કુટુંબભાવના તો ગીતોની ગંગોત્રી છે; પણ એમાં કુદરતનું દર્શન ભળે તો એ સંગમના એકમેળમાંથી નવી રાસસૃષ્ટિ લાધે. આ સંગ્રહમાં એવું રસાયન અલ્પાંશે થવા પામ્યું છે ખરૂં; પણ વિષય કે ઢાળના વૈવિધ્યમાં ઉતરવાનો સમય મળ્યો નથી. છતાં સુઘડ રૂપરંગે કાવ્યપ્રકાશન કરવું એ હાલ તો લેખકને માટે સાહસ છે. અંગ્રેજી ભાષામાં જે કાવ્યપ્રકાશનો બહાર પડે છે તેમની મોંઘાઈના પ્રમાણમાં આપણાં કાવ્યપ્રકાશન સોઘાં જ લેખાય—અલબત્ત, છાપ અને ઉઠાવ એટલાં કલાયુક્ત કે સુંદર ન હોય. પણ ત્યાંનો વાંચકવર્ગ સંખ્યામાં વિશાળ, સંસ્કારી અને કવિતાનો ઉપાસક છે; અને તેથી ત્યાં કવિ,—આપણા જુના કાળમાં હતું તેમ—પ્રાણ અને પ્રજ્ઞાનો શબ્દ છે.

ચૈત્રી પડવો — કર્તા

ખંભાપોસ રોડ, અંધારી

અનુક્રમ


કોઇ ઝીલશો, ૭
દર્શન, ૮
આમંત્રણ, ૯
ફોરે છે મ્હોર, ૧૦
ઉર મારૂં ઉભરાણું રે, ૧૧
ગરબો, ૧૨
માતા, ૧૩
માવડી, ૧૪
બ્હેનીના બોલ, ૧૫
વીરાનું બાળ, ૧૬
ઢીંગીબાઈ, ૧૭
હાલરડું, ૧૮
વીરો વધાવો, ૧૯
હોડલી, ૨૦
રસબાળા, ૨૧
સૌભાગ્ય ભળ્યાં, ૨૨
નહિ ભૂલું, ૨૩
રસરાજ, ૨૪
મારી વાડી, ૨૫
ડોલરિયો, ૨૬
મોરલો નાચે છે, ૨૭
ભ્રમર રૂહો, ૨૮
વેણી વિખરાણી, ૨૯
રીસામણી, ૩૦
ભમરો, ૩૧
પતંગિયાનું ગીત, ૩૨
વિમાન, ૩૩
ચંદ્રલોકનાં બાલ, ૩૪
શું રે હશે ?, ૩૫
ક્યાં રે ગયો ?, ૩૬
ભાઈબ્હેન, ૩૭
બ્હેનબા, ૩૮

લ્યો, ૩૯
રસચુંદડી, ૪૦
ભાવનાકુમારી, ૪૧
ફુલબાળાનો રાસ, ૪૨
યોગીબાળાનો રાસ, ૪૩
વ્હેર આવજે રે, ૪૪
લ્યો લ્યો પાનબીડાં, ૪૫
આવજો, ૪૬
વીરપસલી, ૪૭
અમર હો, ૪૮
વસંતપ્રાણ, ૪૯
ફુલડું કરમાણું રે, ૫૦
ક્હાનકુમાર, ૫૧
મોહનમૂર્તિ, ૫૨
બાર પધારો રાજ ૫૩
પૂર્વની પૂજા, ૫૪
વર્ષાનો રાસ, ૫૫
શૈશવનો રાસ, ૫૬
મારાં ફુલ, ૫૭
મોગરાની માળ, ૫૮

## એક ઋણ

મારા મિત્ર બચુભાઈ રાવત મૂળથી જ આ રાસોને વત્સલ નજરે ઉછેરતા આવ્યા છે અને 'કુમાર'ના મુદ્રક અને પ્રકાશક તરીકે કલામય રીતે સંસ્કારતા આવ્યા છે. આ માયાભરી સંભાળ માટે હું એમનો અતિઘણો ઋણી છું. કદાચ આ પ્રકાશન એમને હાથે થઇ શક્યું હોત તો વધુ સુડોળપણે શોભત.

# કોઈ ઝીલશો

૧

દેવ પૂજાનાં ફુલડાંની છાબડીઃ
ઠેસ આવી કે કરથી સરી પડી રે
કોઈ ખરતા તારલિયા એ ઝીલશો.

૨

પાંખ ઉગતી કોયલ એક બાપડીઃ
ઉંચાં આકાશે એ ઉડતાં પડી રે
કોઈ સુતા ટહુકડા એ ઝીલશો.

૩

નવો ચોડચો સૌભાગ્યતણો ચાંદલોઃ
ઉડી પવને ક્ષણે અગને પળે રે
કોઈ અમૃતનાં બિંદુઓ એ ઝીલશો.

૪

એક હેતનો હણાયલ જોગીડોઃ
એની આંસુની ધાર રણમાં ઢળે રે
કોઈ અંતરનાં મોતીઓ એ ઝીલશો.

૫

ઢળે પાતાળે માનવસાગરિયોઃ
મહીં કૈં કૈં હઈયાંઓ બુડતાં બળે રે
કોઈ આત્માનાં તેજ બાલ ઝીલશો.

## દર્શન

મને એ દેવીનાં દર્શન.

જાગે મારે સોણલે
રસમય સૃષ્ટિ એક;
દીવી દેવીતણી જલે
ઝરતી ફુલ અનેકઃ

ફુલોમાં દેવીનાં દર્શન
મને એ દેવીનાં દર્શન.

પંખીડાં ઉડતાં રમે
સૌ રચતાં સંગીત;
આનંદે ડાળી નમે
ગાતી અદ્દભુત ગીતઃ

ગીતોમાં દેવીનાં દર્શન
મને એ દેવીનાં દર્શન.

બાલુડાં હસતાં રડે
રોતી વાદળહાર;
વૃક્ષે જ્યાં વેલી ચડે
પડતી આંસુધારઃ

આંસુમાં દેવીનાં દર્શન
મને એ દેવીનાં દર્શન.

## આમંત્રણ

રસિયાંની માયાને માટ, આવો બાળાઓ.

હઇયે છે કુંકુમ
પ્રાણે છે ચંદન
ઠારો આ ઉન્હાં લલાટ, આવો બાળાઓ.

મેલા ને જૂના
સૂકા ને સૂના
રેલાવો જીવનઘાટ, આવો બાળાઓ.

અંતરની ભાષા
દૈવી સુઆશા
ઝુલાવો પૃથ્વીને પાટ, આવો બાળાઓ.

જગજનની દેવીઓ!
રમો રસકેલીઓ
જગાવો આત્મનવાટ, આવો બાળાઓ.

# ફોરે છે મ્હોર

૧

ફોરે છે મ્હોર, બેની ! ફોરે છે મ્હોર;
ઉર કેરા આંબલે ફોરે છે મ્હોર:

નાચે વસંત કિશોર
બેની ! નાચે વસંત કિશોર
પ્રેમ કેરા આંબલે ફોરે છે મ્હોર..

૨

ફોરે છે મ્હોર, બેની ! ફોરે છે મ્હોર;
ઉર કેરા આંબલે ફોરે છે મ્હોર:

રાચે કિશોરીનો શોર
બેની ! રાચે કિશોરીનો શોર
પ્રભુ કેરા આંબલે ફોરે છે મ્હોર..

## ઉર મારૂં ઉભરાણું રે

નિદ્રા મહીં હતી સુતી હું સ્વપ્નમાં;
ત્યાં છુટયું અથાગ રસપૂરઃ
ઉર મારૂં ઉભરાણું રે.

જાગી, બેઠી, હું તો ઝબકીને ઉભી;
રહ્યું ભીંજવે અપાર રસપૂરઃ
ઉર મારૂં ઉભરાણું રે.

ઉંચા આકાશ રહ્યું પાતાળ નીચું;
જાય વચ્ચે વહ્યાં રસપૂરઃ
ઉર મારૂં ઉભરાણું રે.

નિદ્રા મહીં પાછી સુતી હું સ્વપ્નમાં;
તોય કેમે શમે ન રસપૂરઃ
ઉર મારૂં ઉભરાણું રે.

## ગ ર બો

મૈયા રમે આ મૈયા રમે હો
હઇયા કેરા ગરબે મૈયા રમે.

દીવા પ્રગટાવે મા ગરબામાં ગરવા;
પૂરે એ તેલ — સહુ ફરીએ અમે. હો

રૂડાં માતાજી રૂડા ગવરાવે ગરબા;
ધીમાં ધીમાં ચાલી ઝીલિયે અમે. હો

ગાઈએ ને નાચીએ ગરબાના ધુપમાં;
કો ના દમે — દુઃખ સહુ યે શમે. હો

માજી સદા જો ગરબે સમાતાં;
રમે રમાડે તો બહુ યે ગમે. હો

## માતા

સુખદુઃખમાં કદી સૌએ ભુલાયે;
ભુલી ભુલાય ન...એક મારી માતા.

વ્હાલાં દેખી મારૂં મનડું ફુલાયે;
હઇયું ખુલે દેખી...એક મારી માતા.

ખારા સાગરિયામાં એ મીઠી વીરડી;
પાય અમીરસ...એક મારી માતા.

અખંડ બળે મારે માતાની દીવડી;
અમર જીવે જગ...એક મારી માતા.

વૃદ્ધિ ક્ષયે જોઉં દુનિયા ફરંતી;
સરખી સદા એ તો...એક મારી માતા.

માડી રક્ષે મને વિશ્વ ભરંતી;
જાઉં જહીં જોઉં...એક મારી માતા.

## માવડી

મને મીઠી સદા એક માવડી રે.

મારા આનંદની એ છે તલાવડી રે;
હું તો ન્હાતી લઉં સુખસારઃ
મને મીઠી સદા એક માવડી રે.

દૂધ ઝરતી એ તો મુજ ગાવડી રે;
મને વ્હીલી મુકે ન લગારઃ
મને મીઠી સદા એક માવડી રે.

મારા જીવનની એ પવનપાવડી રે;
કરે હૈયાકેરો ઉદ્ધારઃ
મને મીઠી સદા એક માવડી રે.

મારી જનની તો પૃથ્વી સમોવડી રે;
એ સર્વે રસનો અવતારઃ
મને મીઠી સદા એક માવડી રે.

## બ્હેનીના બાલ

ઓ મારી બ્હેનીના બાલ!
તું ઉપર બહુ આવે વ્હાલ.

કાળાં શાં લોચન વિશાલ!
રેલે તેમાં તેજ રસાલ.

આવો, તેડું તમને લાલ!
પીઉં અમી ચૂમી ગાલ.

ધીમી શી ડોલંતી ચાલ!
કાલા બોલ તો સુખફાલ.

તું તો નમણું દૈવી ફુલઃ
દૈવે દીધું છે અણમૂલ.

બ્હેની ખોળે પોઢો બાલ!
ને અભેદે ખેલો લાલ.

# વી રા નું બા ળ

વીરાનું બાળ મારા વીરાનું બાળ;
ભોળું શરમાળ મારા વીરાનું બાળઃ

ગાલે ગુલાબ ને
પગલે ગુલાલ છે
ઘેલું રમતીલું, મારા વીરાનું બાળઃ

ભાલે વિશાળ ને
આંખે રસાળ છે
હસતું હઠીલું, મારા વીરાનું બાળઃ

કાને કુમુદ ફુલ
કેડે બકુલમાલ
કાલું કિલકિલતું, મારા વીરાનું બાળઃ

ચન્દ્રમામાં રમતું
તારલિયામાં ભમતું
વ્હાલું બટુક, મારા વીરાનું બાળઃ
વીરાનું બાળ મારા વીરાનું બાળ..

## ઢીં ગી બા ઈ

આ સીડી—પગથિયાં ચડતાં કે
ઢીંગીબાઈ લપસી ગયાં રે;

ઉંધે માથે તે જાય લથડતાં કે
ઢીંગીબાઈ રડી પડયાં રે:

ઢીંગીની આંખ જાણે તારાની કણીઓ;
માથે મખમલ શી ભમર નમણીઓ:

આંખ ફુટી, ભમર પણ ભાંગી કે
ઢીંગીબાઈ લપસી ગયાં રે:

ડોક ત્રાંસી, કમર થઈ વાંકી કે
ઢીંગીબાઈ રડી પડયાં રે:

હાડવૈદ પાસે જાઉં—ખભે ઉપાડું;
માંદી ઢીંગીને હું તો ઢોલિયે સુવાડું:

અહો, ઉઠયાં આળસને મરોડી કે
ઢીંગીબાઈ બેઠાં થયાં રે:

સામસામી નજર જ્યાં જોડી કે
ઢીંગીબાઈ હસી પડયાં રે.

## હાલરડું

મારા ભાઈલા કેરે નેને રે નીંદરડી;
આવ ધીમે ધીમે ઘેને રે નીંદરડીઃ હાં.. હાં.. હાં

તું તો વિશ્વ ભરી વિહરતી, નીંદરડી;
પ્યારા પારણે ફેરા ફરતી, નીંદરડીઃ હાં.. હાં.. હાં

લાલ ઝોલાંએ ડોલાવ રે નીંદરડી;
સુખ સોણાંએ હસાવ રે નીંદરડીઃ હાં.. હાં.. હાં

એને ખેલવણે ખેલવજે, નીંદરડી;
એને સોડય મહીં સુવાડજે, નીંદરડીઃ હાં.. હાં.. હાં

એ રડતાને રમાડજે, નીંદરડી;
નવ ઉડજે– ના ઉઠાડજે, નીંદરડીઃ હાં.. હાં.. હાં

## વીરા વધાવો

બારણે તોરણિયાં બંધાવો રે બેન વીરો વધાવો:
ગજરા ને હારલા ગુંથાવો રે બેન વીરો વધાવો.

આંગણે તો સાથિયા પુરાવો રે બેન વીરો વધાવો:
મીઠી પ્રસાદી વ્હેંચાવો રે બેન વીરો વધાવો.

અક્ષત કુંકુમ લાવો રે બેન વીરો વધાવો:
બહુરંગી ફુલડાં વેરાવો રે બેન વીરો વધાવો.

વીરાને મ્હેલ પધરાવો રે બેન વીરો વધાવો:
ઝુલે ધીમેથી ઝુલાવો રે બેન વીરો વધાવો.

સાચો એ વીર બની આવ્યો રે બેન વીરો વધાવો:
કેસરીઓ વાઘો સોહાવ્યો રે બેન વીરો વધાવો.

જીતી અસુરોને આવ્યો રે બેન વીરો વધાવો:
દેવની આશિષોને લાવ્યો રે બેન વીરો વધાવો.

# હોડલી

ન્હાની હોડલી હો બ્હેન,
વ્હાલી હોડલી હો બ્હેન,
ડોલે જળહિંડોળે ઘેલી
ન્હાની હોડલી હો બ્હેન.

અમર દીવડી હો બ્હેન,
દીપે કેવી એમાં પેલી
ન્હાની હોડલી હો બ્હેન.

ઉપર ચાંદની હો બ્હેન,
ઝુલે જળમાં ઝળહળ રેલી
ન્હાની હોડલી હો બ્હેન.

વ્હાલી હોડલી હો બ્હેન,
ખેલે એવી હયડે ઘેલી
ન્હાની હોડલી હો બ્હેન.

## ર સ બા ળા

તારાં વ્હેતાં અખંડ રસવ્હેન, મ્હેનાં રસબાળા;
તરે તાજાં ' અનંત ફુલવેણ, મ્હેનાં રસબાળા:

ભર્યા રૂડાં છલોછલ વ્હેન, મ્હેનાં રસબાળા;
કેવાં ઉપર ઉભરાય ફુલવેણ, મ્હેનાં રસબાળા:

યુગો સુધી સુકાય ના વ્હેન, મ્હેનાં રસબાળા;
કરમાય ના કુંણાં ફુલવેણ, મ્હેનાં રસબાળા:

વ્હાલાંને ન્હવરાવવા વ્હેન, મ્હેનાં રસબાળા;
વ્હાલાંની પૂજાને ફુલવેણ, મ્હેનાં રસબાળા:

## સૌ ભા ગ્ય ભ ળ્યાં

સખિ ! આજે મ્હારાં સૌભાગ્ય ભળ્યાં;
સૌભાગ્ય ભળ્યાં કે મ્હારાં હાસ્ય ઢળ્યાં:
સખિ ! આજે મ્હારાં સૌભાગ્ય ભળ્યાં.

સુતી ઉઠી કે સ્હામી જ માડી દીઠી;
એણે અમૃતની મીટ ભરી છાંટી મીઠી:
સખિ ! આજે મ્હારાં સૌભાગ્ય ભળ્યાં.

મ્હને બાગે જતાં એક માળણ મળી;
એણે મ્હારે ગળે ફુલમાળા ઢળી:
સખિ ! આજે મ્હારાં સૌભાગ્ય ભળ્યાં.

મ્હને દેખીને મહિયારી પાછી ફરી;
એણે મહીનો કટોરો આપ્યો ભરી:
સખિ ! આજે મ્હારાં સૌભાગ્ય ભળ્યાં.

દેવમંદિરમાં એક બ્રાહ્મણ ઉભો;
એણે મંત્ર ભણીને ચાંલ્લો કીધો:
સખિ ! આજે મ્હારાં સૌભાગ્ય ભળ્યાં.

## નહિ ભૂલું

એક સુતી સરિતા છાની રે, નહિ ભૂલું;
મીટ ભર્યે નીરે ઉભરાણી રે, નહિ ભૂલું.

એક સૂકી ઉભી વનવાડી રે, નહિ ભૂલું;
પગ મુકયે બની ફુલઝાડી રે, નહિ ભૂલું.

એક ધસી સિંહણ મદમાતી રે, નહિ ભૂલું;
હાથ ફેર્યે એ રમવા લાગી રે, નહિ ભૂલું.

એક બેઠી પંખિણી રોતી રે, નહિ ભૂલું;
વેણ કીધે આનંદે સ્હોતી રે, નહિ ભૂલું.

એક વીણા લટકતી મુંગી રે, નહિ ભૂલું;
ફૂંક દીધે એ ગાવા માંડી રે, નહિ ભૂલું.

## ર સ રા જ

સાંજે ઉલટે ઉર ઉચાટ;
ભરતી નીરે નિરખું વાટ:
  વળજો વ્હેલેરા રસરાજ.

જાગે બાળક મળવા તાત;
જાતી એમ જ રડતાં રાત:
  વળજો વ્હેલેરા રસરાજ.

પોપટ બોલાવે લઈ નામ;
ઉડતો પળ નવ જંપે ધામ:
  વળજો વ્હેલેરા રસરાજ.

આંગણ ઉભી સુકાય વનવેલ;
અડકે – પીતી નથી જળરેલ:
  વળજો વ્હેલેરા રસરાજ.

દરદી દુખિયાં કરતાં સાદ;
પવને પ્હોંચે આ દુઃખનાદ ?
  વળજો વ્હેલેરા રસરાજ.

## મા રી વા ડી

મારી વાડીમાં આંબો ફાલ્યો
શીળી છાયા ઢળતો, રસભર ફળતો રે
રમજો બાળાઓ.
નીચે ન્હાનકડી વેલી ફરતી
મીઠી વાસ પમરતી, ફુલડાં ઝરતી રે
રમજો બાળાઓ.
ઝુલતી ડાળીએ પોપટ ડોલે
બોલો રૂડલા બોલે, વનફળ ફોલે રે
રમજો બાળાઓ.
ટહૌકા કરતી કોયલ કાળી
રાગે આંખે રસાળી, પ્રેમે પાળી રે
રમજો બાળાઓ.
નિર્મળ નીરે સરવર છલકે
કોમળ કમળો મલકે, ઝરણાં ઝળકે રે
રમજો બાળાઓ.
જળમાં હંસાં રમતાં તરતાં
ન્હાનાં હરણો ચરતાં, ભય નવ ધરતાં રે
રમજો બાળાઓ.
ફુલ ફુલ ભમતા ભમરા ફરતા
જીવન રસમાં સરતા, ગુંજન કરતા રે
રમજો બાળાઓ.
મારી વાડીમાં આવો આવો
લ્યો આનંદનો લ્હાવો, હર્ષ રેલાવો રે
રમજો બાળાઓ.

## ડોલરિયો

ફુલડાં કેરી વાડીઓમાં ડોલે ડોલરિયો.
લીલવણી પાંદડીઓ
લાડે, રમાડે;
પવનો મધુર વેણ બોલે ડોલરિયોઃ
ફુલડાં કેરી૦

હળવેરી પાંખડીએ
કળીઓ ખીલાવે;
મીઠો મદભરિયો ફુલે ડોલરિયોઃ
ફુલડાં કેરી૦

ધીમું ધીમું હસતો
ને સહુને હસવતો;
આછી આછી આંખડીઓ ખોલે ડોલરિયોઃ
ફુલડાં કેરી૦

કુંજ કુંજ ખેલે
સુગન્ધરસ રેલે;
માનવીને માંડવડે ડોલે ડોલરિયોઃ
જગત કેરી વાડીઓમાં ડોલે ડોલરિયો.

# મો ર લો ના ચે છે

લીલા આસોપાલવની, નીચે હો મોરલો નાચે છે;
દ્રાક્ષવેલોના માંડવા વચ્ચે હો મોરલો નાચે છે.

ધીમે ઉંચેરી ડોક ડોલવતો હો મોરલો નાચે છે;
રૂડી નાજુક કલગી ઝુલવતો હો મોરલો નાચે છે.

પાયઘુઘરીને રણકારે હો મોરલો નાચે છે;
પીંછકળા તણા ઝણકારે હો મોરલો નાચે છે.

સુખે મીઠું મીઠું ઘુઘવતો હો મોરલો નાચે છે;
આંખે અમીઆંસુ ખેરવતો હો મોરલો નાચે છે;

સ્હામી સ્હામી પાંખો હલવતો હો મોરલો નાચે છે;
ઉભો નીચો ને ઢેલને ફરતો હો મોરલો નાચે છે.

## ભ્રમર રૂહો

ભ્રમર રૂહો એક રાત ભ્રમર રૂહો.

ફુલના ભોગી, ભ્રમર રૂહો;
રસ આરોગી, ભ્રમર રૂહો:
ભ્રમર રૂહો એક રાત ભ્રમર રૂહો.

મારા વીરા, ભ્રમર રૂહો;
કાં અધીરા? ભ્રમર રૂહો:
ભ્રમર રૂહો એક રાત ભ્રમર રૂહો.

છે ફુલકુંજો, ભ્રમર રૂહો;
મનભર ગુંજો, ભ્રમર રૂહો:
ભ્રમર રૂહો એક રાત ભ્રમર રૂહો.

મારા ભવને, ભ્રમર રૂહો;
તાજા પવને, ભ્રમર રૂહો:
ભ્રમર રૂહો એક રાત ભ્રમર રૂહો.

# વેણી વિખરાણી

વાવી આંગણ મેં તો વેલડી
પાયું સીંચીને પાણી;
કળીઓ વીણી ગુંથી વેણલી
ત્યાં તો વેણી વિખરાણી.

દોડી ગુંથીને દેખાડવા
મારે વીરે વખાણી;
બેઠી હરખે માથું હોળવા
ત્યાં તો વેણી વિખરાણી.

કળીઓ તો દેવતેજ ઝીલતી
કુંણી સઘળી કરમાણી;
સૌએ હજી હતી ખીલતી
ત્યાં તો વેણી વિખરાણી.

કાં તો સુંદર બની ગુંથણી
એથી વેણી નજરાણી;
નિરખી પુરી ન સોહામણી
ત્યાં તો વેણી વિખરાણી.

કાં તો વેણી મારી લાડકી
ઘેલી હુંથી રીસાણી;
હેતે કીધી મેં જ્યાં વેણકી
ત્યાં તો વેણી વિખરાણી.

# રીસામણી

વેલીઓ ખેલે છે વૃક્ષકુંડમાં;
ખીલે આભમાં ઉજાસ:
એકલી ઉદાસ શું રીસામણી ?

ઊર્મિઓ અનંત જળકુંડમાં;
મહીં મીનના વિલાસ:
એકલી ઉદાસ શું રીસામણી ?

નાડીઓ વહે છે પ્રાણપૂરમાં;
ચડે હૈયામાં હાસ:
એકલી ઉદાસ શું રીસામણી ?

સૃષ્ટિઓ સરે છે પ્રેમનૂરમાં;
રચે વિશ્વ રસરાસ:
એકલી ઉદાસ શું રીસામણી ?

## ભમરો

તારા ભમરાને જરી વારજે રે બેન,
મને રાતદિન રૂહે છે સતાવતો રે બેન;
તારા ભમરાને જરી વારજે રે બેન.

તાજાં પૂજાનાં વીણું ફુલડાં રે બેન,
સુંઘી ચાખી કરે છે અજીઠડાં રે બેન;
તારા ભમરાને જરી વારજે રે બેન.

એ ગાતાં ગુંજી ગુંચવાવતો રે બેન,
ભમી વાંસે ઘણેરી ગભરાવતો રે બેન;
તારા ભમરાને જરી વારજે રે બેન.

જો સુતાં અંબોડલો છુટી જતો રે બેન,
તો વાળે ભરાઇ છુપી બેસતો રે બેન;
તારા ભમરાને જરી વારજે રે બેન.

ફુલ ફેંકું તો ઘા ચુકવાવતો રે બેન,
જાઉં ઝાલવા તો ઝટ છટકી જતો રે બેન;
તારા ભમરાને જરી વારજે રે બેન.

# પતંગિયાંનું ગીત

અમે સૃષ્ટિનાં બાલ સૌ પતંગિયાં રે લોલ;
કૈંક ભાતે રૂપે ને રજે રંગીઆં રે લોલ.

અમે રોપેરોપેથી પાછાં નાસીએ રે લોલ;
ફુલે ફુલે અડકીને ઉપર નાચીએ રે લોલ.

અમે માણસ મોટાં થકી ડરી જતાં રે લોલ;
નહિ ગામે શેરી કે ઘરે ઢુકતાં રે લોલ.

અમે પ્રેમ ને પવિત્રતાનાં પંથીઓ રે લોલ;
રૂડા પ્રાણ ને સૌન્દર્ય કેરાં સંગીઓ રે લોલ.

અમે પાંખે ચડેલ રસદીવડાં રે લોલ;
ક્ષણ ઉડી અજવાળી ને શમી જતાં રે લોલ.

અમે અંતરનાં સ્વપ્ન શાં પતંગિયાં રે લોલ;
નવા અરુણ પ્રભાતનાં ઉમંગિયાં રે લોલ.

અમે ઈશ્વરનાં બાલ સૌ પતંગિયાં રે લોલ;
વિમલ જગનાં વિહારીઓ પતંગિયાં રે લોલ.

# વિમાન

મેં તો બાંધ્યું વિમાન એક ઉડતું રે લોલ;
બ્હેનાં, એમાં ગમે ગગન ઉડવું રે લોલ.

સુરજ તાપે તપી જરી ના જતું રે લોલ;
જાય ઉડતું અંધારપટ વારતું રે લોલ.

વૃક્ષવેલીઓ નક્ષત્ર પાસ જઇ ભમે રે લોલ;
ચન્દ્રલોકના અમૃત વનમાં રમે રે લોલ.

ઉંચે જવાને રાતદિન ઝંખતું રે લોલ;
ધુળ માટીમાં ઝાઝું ના જંપતું રે લોલ.

ઉંચે જાતું એ પાંખ ફફડાવતું રે લોલ;
તો ય પૃથ્વી ઉપર આંખ રાખતું રે લોલ.

મેં તો બાંધ્યું વિમાન એક ઉડતું રે લોલ;
બ્હેનાં, એમાં ગમે ગગન ઉડવું રે લોલ.

## ચંદ્રલોકનાં બાલ

અમે તો ચંદ્રલોકનાં બાલ
અમારા શરદ ચોક વિશાલ;
અમે તો મીઠા સૌમ્ય મરાલ
અમારા તેજકમળના ફાલ:

હોય શોક શું; હોય દુઃખ ત્યાં
રમીએ પુનમ રાત;
જાદુઇ રજ રૂપેરી વેરી
ભણીએ મંત્ર જરાક;

અમે તો રસ રંગીલા લાલ
અમારા ઉત્સવ ખેલ રસાલ:
અમે તો ચંદ્રલોકનાં બાલ
અમારા શરદ ચોક વિશાલ.

હાસ્ય ટીખળ, ને તોફાનોનો
અદ્દ્ભુત મસ્ત પ્રદેશ,
કળા કોડ ને સ્વપ્ન ભરેલા
ચિત્ત ભાવિ સંદેશ;

અમે તો પ્રાણ તણા પ્રતિપાલ
અમારા તરંગ કલ્પિત તાલ:
અમે તો ચંદ્રલોકનાં બાલ
અમારા શરદ ચોક વિશાલ.

# શું રે હશે?

૧

શું રે હશે બ્હેન શું રે હશે
સૂરજની આંખમાં શું રે હશે?

શું રે હશે બ્હેન શું રે હશે
પવનની પાંખમાં શું રે હશે?

૨

શું રે હશે બ્હેન શું રે હશે
પંખીનાં ગાનમાં શું રે હશે?

શું રે હશે બ્હેન શું રે હશે
સિંધુના તાનમાં શું રે હશે?

૩

શું રે હશે બ્હેન શું રે હશે
ગુરુજીના જ્ઞાનમાં શું રે હશે?

શું રે હશે બ્હેન શું રે હશે
યોગીઓના ધ્યાનમાં શું રે હશે?

૪

શું રે હશે બ્હેન શું રે હશે
અંતરના હાસમાં શું રે હશે?

શું રે હશે બ્હેન શું રે હશે
જગતના રાસમાં શું રે હશે?

# ક્યાં રે ગયો ?

ક્યાં રે ગયો એ ક્યાં રે ગયો?
મારા પીંજરાનો પોપટ ક્યાં રે ગયો ?

કેવડાની પાંખ ને
માણેકની ચાંચ છે
હૈયાનો હાર ક્યાં છુટી પડ્યો ?
મારા પીંજરાનો પોપટ ક્યાં રે ગયો ?

કોટે છે વાંકડો
કસ્તુરીનો કાંઠલો
અંતરનો પ્રાણ એ ક્યારે પળ્યો ?
મારા પીંજરાનો પોપટ ક્યાં રે ગયો ?

શોધી મેં શેરીઓ
જોયાં મેં જંગલો
મીઠાબોલો ના ક્યાં યે મળ્યો,
મારા પીંજરાનો પોપટ ક્યાં રે ગયો ?

# ભાઈ બ્હેન

કેવડો લીલો ને લીલી લીમડી રે,
લીલુડાં ભાઈ ને બ્હેનનાં હેત;
દેવની દીધેલ ભાઈબ્હેન બેલડી રે.

મોરલો સુનો ને સુની વાદળી રે,
વીખુટાં બેઉ ઝુરે પરદેશ;
દેવની દીધેલ ભાઈબ્હેન બેલડી રે.

મોગરો ડોલે ને ફરકે પાંદડી રે,
ભાઈબ્હેન હઇયે રસસંકેત;
દેવની દીધેલ ભાઈબ્હેન બેલડી રે.

મેહુલો બોલે ને ઝબુકે વીજળી રે,
ભાઈબ્હેન ઝીલે અબોલ સંદેશ;
દેવની દીધેલ ભાઈબ્હેન બેલડી રે.

# બ્હેનબા

અમર રહો......બ્હેનબા અમર રહો.

ભાઈની બ્હેની અમર રહો,
પ્રાણની વેણી અમર રહો;

અમર રહો......બ્હેનબા અમર રહો.

માતની વેલી અમર રહો,
હેતની હેલી અમર રહો;

અમર રહો......બ્હેનબા અમર રહો.

હૃદય – કંકાવટી અમર રહો,
જગત–વિધાતરી અમર રહો;

અમર રહો......બ્હેનબા અમર રહો.

## લ્યો

પ્રાણના પ્રસાદ લ્યો
પ્રાણ મહીં રમ્ય રસદીવડો;
પ્રેમના પરાગ લ્યો
પ્રેમમાં સુગંધી દેવકેવડો.

વદન વદન હાસ લ્યો
વદને ઉઘડે વસંતવાડીઓ;
હૃદય હૃદય રાસ લ્યો
હૃદયે રેલી છે રંગફુવારીઓ.

સૃષ્ટિનાં સુગીત લ્યો
સૃષ્ટિમાં ધ્વનિ અનંત ગાનનો;
વિશ્વના વિહાર લ્યો
વિશ્વમાં વિરાટ પરમાત્મ હો.

# રસ ચુંદડી

પ્રાણના પરાગઢળી ચુંદડલી રે,
એ ચુંદડીએ ચિરકૌમાર:
પ્રાણના પરાગઢળી ચુંદડલી રે.

હૈયે અભંગ મનમૂરતિ રે,
એ મૂરતિએ ગીતગુંજાર:
પ્રાણના પરાગઢળી ચુંદડલી રે.

જાગે જીવન — અજવાળિયાં રે,
કાંઈ છેડલે રસકલ્લોલ:
પ્રાણના પરાગઢળી ચુંદડલી રે.

ચેતનનાં ચક્ષુઓ ભીંજાવિયાં રે,
એ તો પ્રીતમકીધો અંઘોળ:
પ્રાણના પરાગઢળી ચુંદડલી રે.

# ભાવનાકુમારી

પોપચે વિરાજે ભાર પ્રેમ રસ ઘેનનો,
નયને વસંતતેજ નીલમ ખીલે;
ભાવનાકુમારી ભાવભીની ભરી રે.

હૈડે ટહુકે બોલ અંતર કોકિલનો,
પ્રાણે હો પુણ્યગીત ચેતન ઝીલે;
ભાવનાકુમારી ભાવભીની ભરી રે.

અંગુલિએ છૂટતી જીવન અમૃત ઝડી,
પગલે શકુનના સાથિયા ઝરે;
ભાવનાકુમારી ભાવભીની ભરી રે.

કાવ્યકલ્પનાની અધિદેવતા સરીખડી,
આછી દેરી હું કવિદૃષ્ટિએ તરે;
ભાવનાકુમારી ભાવભીની ભરી રે.

## ફુલબાળાનો રાસ

હાં રે, ઘેલી...ઘેલી એકેલી ફુલબાળા
હો રાસ રઢીઆળા મુકી જશો ન લોલ;
હાં રે, પેલી...પેલી અધુરી ફુલમાળા
હો રંગ એ રૂપાળા ભુલી જશો ન લોલ;

લોચન ચઢશે મેહુલો, ચાતક કરશે સાદ;
પલપલ હેત-ઉજાસમાં ખીલે બકુલ ગુલાબ.

હાં રે, જેવી...જેવી મધુરી વીજનવાળા
હો પંથ એ નિરાળા મુકી જશો ન લોલ;
હાં રે, એવી...એવી હઠીલી ફુલબાળા
હો રાસ રઢીઆળા મુકી જશો ન લોલ.

મસ્તક ધરશું મોગરો, ચરણે ડોલરપુંજ;
પધાર પ્રભુની લાડિલી, કરીએ ઘડીની ગુંજ.

હાં રે, પ્રાણપ્યારા હસે છ હરીઆળાં
હો સાથ એ રસાળા તજી જશો ન લોલ;
હાં રે, વ્હેલી...વ્હેલી રીસેલી ફુલબાળા
હો રાસ રઢીઆળા મુકી જશો ન લોલ.

ફુલફુલ વાસ-પરાગમાં ભરી જા અંતરભાવ;
આપ જગતને બ્હેન ઓ! ફુલજીવનના લ્હાવ.

હાં રે, ગુંથો...ગુંથો અમર વરમાળા
હો આત્મ ઉજમાળા મેલી જશો ન લોલ.
હાં રે, ઘેલી...ઘેલી એકેલી ફુલબાળા
હો રાસ રઢીઆળા મુકી જશો ન લોલ.

## ચોગીબાળાનો રાસ

આભે ઘૂમે કાળી વાદળી રે,
કરતી વીજલડી ચમકારઃ
રાજન, રહોને આ એક રાતડી રે.

વાંકીચુંકી છે વનવાટડી રે,
ઘેરે જગને ઘોર અંધારઃ
રાજન, રહોને આ એક રાતડી રે.

બાળા જોગીની હું ગરીબડી રે,
નયણે છલકે નેહરસરેલઃ
રાજન, રહોને આ એક રાતડી રે.

ઉડતાં પંખીડાં માળે પળે રે,
ફુલડાં વેલે ઝોલાં ખાયઃ
રાજન, રહોને આ એક રાતડી રે.

અંગો ઢીલાં તમ થાકે ઢળે રે,
મુખડું કોમળ આ કરમાયઃ
રાજન, રહોને આ એક રાતડી રે.

મ્હારી પૂરી ભરી ફળછાબડી રે,
પીજો તાજું ઝરણનું નીરઃ
રાજન, રહોને આ એક રાતડી રે.

સૂજો, મ્હારે છે ફુલસેજડી રે,
જાવા આવા કેમ અધીર?
રાજન, રહોને આ એક રાતડી રે.

## ઘેર આવજે રે

મારે ફળિયે તે લીમડાની છાંય છે રે,
એના કાલની કડવાશે લહેરાય મારી બેન
ઘેર આવજે રે.

મારે ફળિયે પોપટજીનું જુથ છે રે,
એને બોલે બોલે રામધુન મારી બેન
ઘેર આવજે રે.

મારે ફળીયે તે તુલસીનાં વન છે રે,
એને માંજર ધમકતી મ્હેક મારી બેન
ઘેર આવજે રે.

મારે ફળિયે ગાવડલી માત છે રે,
એની આંખો મીઠી રળિયાત મારી બેન
ઘેર આવજે રે.

મારે ફળિયે માંડવડાની વેલ છે રે,
એની ડાળે બટમોગરાની રેલ મારી બેન
ઘેર આવજે રે.

મારે ફળિયે તે સાથિયાની ભાત છે રે,
ત્યાં બેસી કરીશું વાત ભાઈ બેન
ઘેર આવજે રે.

# લ્યો લ્યો પાનબીડાં

આંગણે ઉગી હો નાગરવેલ, લ્યો લ્યો પાનબીડાં;
ઝરમર ઝારૂં ધીરે જળહેલ, લ્યો લ્યો પાનબીડાં.

બળતી ખરા બપોરની લ્હાય; લ્યો લ્યો પાનબીડાં;
ઓરડે રૂડી રમે ધુપછાય, લ્યો લ્યો પાનબીડાં.

પાતળી ક્યારેક લચકે વેલ, લ્યો લ્યો પાનબીડાં;
પ્રગટે તાજાં પલ્લવ તે વેળ; લ્યો લ્યો પાનબીડાં.

તમતમ તીખી ને બાળે વેશ, લ્યો લ્યો પાનબીડાં;
મીઠી લજ્જાને ઘેન લવલેશ, લ્યો લ્યો પાનબીડાં.

પરખો માંડી મેં પાનની બેન, લ્યો લ્યો પાનબીડાં;
અરપું આવો ચેતનનાં ચેન, લ્યો લ્યો પાનબીડાં.

હૃદયે એવી હો નાગરવેલ, લ્યો લ્યો પાનબીડાં;
વ્હેશે વ્હાલી જીવનરસ છેલ, લ્યો લ્યો પાનબીડાં.

## આ વ જો

આવજો આવજો રે,
મોંઘાં મ્હેમાનો આવજો;
ફ્હાવજો ફ્હાવજો રે,
કુશળ - સંદેશો ફ્હાવજો.

આ શિ ષ શે ષો
પ્રે મ નાં પી યૂ ષો
દુઃખી આ દેશે રે,
થો ડાં થો ડાં વરસાવજો.
આવજો૦

રસિક સુશીલાં
ભોળાં સ્વજનિયાં !
દૈવી આ દે શે રે
રસના સુમંત્રો શિખાવજો.
આવજો૦

દર્શનની પ્યાસી
આંખડી ઉદાસી
કા લ કે રે કાંઠડે રે
વળી વ્હેલેરી હસાવજો.
આવજો૦

# વી ર પ સ લી

વીરપસલી લે વીરપસલી

મારી નાનકડી બેની ! વીરપસલી:
મારી લાડકડી બેની ! વીરપસલી.

વ ન વ ન માં બાલવસંત વહે,
વી ર વી ર માં એવી બેન રહે;

મેં વીણી–ગુંથી આ કુસુમકળી:
લે લાડકડી બેની ! વીરપસલી.

ર ણ ર ણ માં રસવરષા વરસે,
વી ર વી ર માં એવી બેન હસે;

આ ભાઇ ગરીબની...ભાવભળી:
લે લાડકડી બેની ! વીરપસલી.

## અમર હો

અમર હો, અમર હો.
દેવી વ્હાલાં અમર હો;
રસનાં હેળાં અમર હો:

અમર હો, અમર હો.
મનભર સ્મરણાં અમર હો;
અંતર સોણાં અમર હો:

અમર હો, અમર હો.
હેતમાં ન્હાવાં અમર હો;
ઉંચેરાં ઉડવાં અમર હો:

અમર હો, અમર હો:
રસની તૃષા અમર હો;
ઉરની આશા અમર હો.

## વ સં ત આ ણું

વ ન વ ન ઉભી'તી લીલી વાડીઓ રે,
વાડીએ વાડીએ ફુલડાંવેલની ઝુલ
રસિયો કાલે વસંતપ્રાણ ફુલડે ભર્યો રે.

ફુ લ ફુ લ આંકી છે નાની ક્યારીઓ રે,
ક્યારીએ ક્યારીએ અમૃતરેલ મંજુલ
રસિયો આજે વસંતપ્રાણ હૃદયે ઝર્યો રે.

ક ણ ક ણ વીણી મધુઓ સંઘર્યાં રે,
મધની ધારે સુશોભન સાથિયા થાય
રસિયો આજે વસંતપ્રાણ કોને ધરે રે!

ઝ ગ ઝ ગ નેણે ઝુલે જલદીવડાં રે,
વાદલીના હીરા મોળાડા દૂર મા જાય
રસિયો કાલે વસંતપ્રાણ તુંને વરે રે.

## ફુલડું કરમાણું રે

પૃથ્વી પુનમતણી વેલડી,
એક વેલે વસંતલ ફુલ:
પુલડું કરમાણું રે.

ખેલે ગગનભર ઘેલડી,
ઝીલી ઝીલી આનંદની ઝુલ:
પુલડું કરમાણું રે.

આવ્યો જાદુગર જોગીઓ,
એના મેલા હોમારણ મંત્ર:
પુલડું કરમાણું રે.

ન્હાની પાંખડીઓ ડોલીઓ,
સહુ ઉડયા સુગંધ રસરંગ
પુલડું કરમાણું રે.

વ્યોમે ચડી દુઃખવાદળી,
ઉરે છુટીઆં વજ્ર ત્રિશૂલ:
પુલડું કરમાણું રે.

અવનિ અમાસતણી વેલડી,
એક ખોયું વસંતલ પુલ:
પુલડું કરમાણું રે.

## ક્હાન કુમાર

ક્યાં ગયો એ ક્હાન કુમાર ?
પૂર્ણ પુરુષ અવતાર: ક્યાં૦

દેવકીનો દેવબાળ,
ગોપગોપીનો ગોપાળ;
કંસરાયનો ક્રૂર કાળ:
ગીતાનો ગાનાર: ક્યાં૦

બંસરી બજાવનાર,
ગોવરધનને ધારનાર;
થૈ થૈ થનન નાચનાર:
અવનિનો ઉદ્ધાર: ક્યાં૦

પૂર્ણ પુરુષ અવતાર
ક્યાં ગયો એ ક્હાન કુમાર ?

# મો હ ન મૂ ર્તિ

વ ન મા ળી, તુજ વાડીની વાટે
હૈયાની વાસ પમરાય છે રે;
તારી મૂર્તિ મધુરી રચાય છે.

હ રિ, તુજ દ્વારે અતિથિ થાતાં
આશાના સુર સંભળાય છે રે;
તારી મૂર્તિ મધુરી રચાય છે.

ત્રિ ભુ વ ન, તારે રસમન્દિરિયે
તનમન અમારાં ધરાય છે રે;
તારી મૂર્તિ મધુરી રચાય છે.

મો હ ન, મુખડું જોતાં જરાકે
ચક્ષુનાં તેજ ઉભરાય છે રે;
તારી મૂર્તિ મધુરી રચાય છે.

તું જ જીવનના પ્રાણે પળેપળ
તારો જ શબ્દ ગવાય છે રે;
તારી મૂર્તિ મધુરી રચાય છે.

## બાર પધારો રાજ

બાર પધારો રાજ
　　　　　　પ્રભુ, મારે બાર પધારો.
પ્રાણ વધાવે આજ
　　　　　　પ્રભુ, મારે બાર પધારો.

પુછ્યો પવન, વળી સૂરજ પુછ્યો;
પુછ્યો પશુનો સમાજ:
　　　　　　પ્રભુ, મારે બાર પધારો.

વનવન લખીઓ ને રણરણ લખીઓ;
લખીઓ સાગરને પાજ:
　　　　　　પ્રભુ, મારે બાર પધારો.

બાળવદન જોયો, જોગીનયન જોયો;
જોયો અંતરનો અવાજ:
　　　　　　પ્રભુ, મારે બાર પધારો.

બાર પધારો રાજ
　　　　　　પ્રભુ, મારે બાર પધારો.
વિશ્વ વધાવે આજ
　　　　　　પ્રભુ, મારે બાર પધારો.

## પૂર્વની પૂજા

પૂજું પ્રકાશ મારા પૂર્વનો રે લોલ,
દુનીઆનો દિનમણિ પ્રાણ જોઃ
પૂજું પ્રકાશ મારા પૂર્વનો રે લોલ.

સરિતાને પુર ધરૂં દીવડો રે લોલ,
પુલડે વધાવું મારૂં વ્હાણ જોઃ
પૂજું પ્રકાશ મારા પૂર્વનો રે લોલ.

વિનતિ વદું ને પાય લાગતી રે લોલ,
માગું હું મંગલ ઉજાસ જોઃ
પૂજું પ્રકાશ મારા પૂર્વનો રે લોલ.

ઝાંખી તે જ્યોત દૂર જાગતી રે લોલ,
જાગે છે નયણાંની આશ જોઃ
પૂજું પ્રકાશ મારા પૂર્વનો રે લોલ.

ભુખરા અંધાર ગાઢ વીતશે રે લોલ,
વળશે અભંગ મારૂં વ્હાણ જોઃ
પૂજું પ્રકાશ મારા પૂર્વનો રે લોલ.

જગનો આનંદ ફરી ફોરશે રે લોલ,
તપશે હો દિનમણિ પ્રાણ જોઃ
પૂજું પ્રકાશ મારા પૂર્વનો રે લોલ.

## વર્ષાનો રાસ

વર્ષા તો સાત સાત બ્હેનડી રે લોલ;
સાતે તે બ્હેનીઓ અપાર જોઃ વર્ષા૦

વર્ષાની એક બ્હેન વાદળી રે લોલ;
વાદળીએ જગત જલધાર જોઃ વર્ષા૦

વર્ષાની એક બ્હેન વીજળી રે લોલ;
વીજળીએ પ્રાણ તેજ તાર જોઃ વર્ષા૦

વર્ષાની એક બ્હેન ચાંદની રે લોલ;
ચાંદનીએ ચંદ્ર કિરણ હાર જોઃ વર્ષા૦

વર્ષાની એક બ્હેન વેલડી રે લોલ;
વેલડીએ ફુલ મધુ ભાર જોઃ વર્ષા૦

વર્ષાની એક બ્હેન ઢેલડી રે લોલ;
ઢેલડીએ પ્રેમ વ્રત વિહાર જોઃ વર્ષા૦

વર્ષાની એક બ્હેન રુક્મિણી રે લોલ;
રુક્મિણી તે રૂપનો અંબાર જોઃ વર્ષા૦

## શૈશવનો રાસ

ઘેરી ઘેરી ચાંદનીમાં બોલે કોયલીઓ;
ઘેરી ઘેરી ચાંદનીમાં ડોલે ડોલરીઓ:

બોલે કોયલીઓ
ને ડોલે ડોલરીઓ;
ઘેરી ઘેરી ચાંદનીમાં બોલે કોયલીઓ.

સૃષ્ટિએ સુગંધ રંગ
ઢોળે ડોલરીઓ;
જગનો જાદુઈ કંઠ
રેળે કોયલીઓ:
ઘેરી ઘેરી ચાંદનીમાં બોલે કોયલીઓ.

બાગે ડોલરીઓ
ને હૈયે કોયલીઓ;
ઘેરી ઘેરી ચાંદનીમાં બોલે કોયલીઓ:
ઘેરી ઘેરી ચાંદનીમાં ડોલે ડોલરીઓ.

## મારાં ફુલ

ફુલ મારાં રીસાઈ ગયાં.

રીસાઈ ગયાં—મન સુનાં થયાં;
ફુલ મારાં રીસાઈ ગયાં.

કાલે ન બોલીઆં ને આજે ન બોલતાં,
મીંચી નયન સઉ મુંગાં થયાં:
ફુલ મારાં રીસાઈ ગયાં.

સુરજમુખીનાં આજ ઉઘડે ન અંતરો,
મોગરાને મુખહાસ લેવાઈ ગયાં:
ફુલ મારાં રીસાઈ ગયાં.

ખીલ્યા ગુલાબ કેરી ખરતી પાંખડીઓ,
કેશુનાં લાલ તેજ કરમાઈ ગયાં:
ફુલ મારાં રીસાઈ ગયાં.

લાડે રમાડું બાળ! મીટ ભરો મીઠડી,
નિંદરને ઘેન કેમ ઝડપાઈ ગયાં?
ફુલ મારાં રીસાઈ ગયાં.

# મોગરાની માળ

મોગરાની માળ, મારી મોગરાની માળ;
મોતી રસાળ, મારી મોગરાની માળ.

વ્હેને વીણેલ કળી
બાએ ગુંથેલ વળી

કંઠે લટકંત મારી મોગરાની માળ.

આમ ફરે તેમ ફરે
ચક્કર ચક્કર ફુદડી લે

તુટી તુટી શું મારી મોગરાની માળઃ
દેવતણે ચરણ મારી મોગરાની માળ.

## ઢાળ અને સાલ

[ગીતોનાં ડોલન સ્પષ્ટ તો છે અને કેટલાંકના ઢાળ પણ જાણીતા છે. વળી કુદરતથી જ સંગીતસંસ્કારી, એવી કેળવાએલી કન્યાઓ હવે દરેક ગીતને તેના ભાવને અનુકુળ ઢાળ બેસાડે છે તેથી નવા લખાએલ કેટલાંક ગીતોના ઢાળની ઉણપ ન જેવી જ લાગશે.]

અમર હો [૧૯૧૫] 'સોનબાઇના ગીત'નો

આમંત્રણ [૧૯૧૯] શેના લીધા મારા શ્યામ,
અબોલડા શેના લીધા રે...ને મળતો

ઉર મારૂં ઉભરાણું રે [૧૯૧૫] એવું મારૂં નંદવાણું રે

કોઈ ઝીલશો [૧૨, ૮, ૧૯]

ક્યાં રે ગયો ? [૧૯૨૨] ક્યા માગું મેં ક્યા માગું
એસી ટુંકીસી જીંદગીમેં ક્યા માગું ?

ફુલ્હાનકુમાર [૨, ૮, ૨૩]

ગરબો [૩૦, ૧, ૧૬] રંગે રમે આનંદે રમે
આજ મારાં દુર્ગા રંગે રમે.

ઘેર આવજે રે [૧૨, ૫, ૨૭] મને ભૂલી ગયો છે મારો છેલડો રે

ચંદ્રલોકનાં બાલ [૧૯૨૫]

ડોલરિયો [૧૯૧૯] 'આમંત્રણ'ના જેવો

ઢીંગીબાઇ [૧૯૨૯] અમે કાળા ને કામણગાળા કે કરીએ કા કા કા

દર્શન [૧૯૧૮]

નહિ ભૂલું [૧૯૧૫]

પતંગિયાંનું ગીત [૧૯૨૬] મેં તો કુંકુમે લીંપ્યું મારૂં આંગણું રે લોલ

પૂર્વની પૂજા [૧૯૨૫] પ્રકટયા શ્રીકૃષ્ણ મનભાવતા રે લોલ
ફુલડું કરમાણું રે [૧૯૨૨] જાણીવી જગની ધુમે રે...નો ટુંકો લય.
ફુલબાળાનો રાસ [૧૯૨૫]
ફોરે છે મ્હોર [૧૯૧૫] બોલે છે મોર
બાર પધારો રાજ [૧૯૨૪] આનંદ આનંદ આનંદ આજે
બ્હેનબા [૧૯૨૫] 'અમર હો'ના જેવો
બ્હેનીના બાલ [૨૩, ૧, ૧૭] કાનની પછેડી ફુલડાં ભાત;
કાનજી ઓઢતા દિ' ને રાતઃ
ભમરો [૧૯૨૦] 'પૂર્વની પૂજા'ના જેવો
ભાઇબ્હેન [૧૯૨૪] સોનલાં ગેડી ને રૂપલા દડુલિયો રે
ભાવનાકુમારી [૨૬, ૬, ૨૩]
ભમર રૂહો [૧૯૨૦] 'સોનબાઇનાં ગીત'નો
માતા [૧૯૧૫] સામાં ઓરડિયામાં નાગજી પોઢયા
નાગણી નાનેરૂં બાળ, મારા વ્હાલા.
મારી વાડી [૧૯૧૫] કારતક મહીને કૃષ્ણ કૃપાળો
વ્હાલા બંસીવાળા, રાજ રૂપાળા રે વ્રજમાં આવોને.
મારાં ફુલ [૨, ૪, ૨૮]
માવડી [૧૯૧૫] છેટા છેટા રે' નંદના છોકરા રે
મોગરાની માળ [૧૯૨૮] 'કોરી સી હંડીમેં ચાવલ પકાયા'
એ મુસલમાન સ્ત્રીગીત...નો
મોરલો નાચે છે [૧૯૧૫] 'ઢીંગીબાઇ'ને મળતો
મોહનમૂર્તિ [૧૯૨૩] જાય છે જાય છે જાય છે રે
આ વખત ભણ્યાનો વહી જાય છે.

યોગીબાળાનો રાસ [૧૯૧૯] આભમાં ઝીણી ઝબુકે વીજળી રે
ઝીણા ઝરમર વરસે મેહ
ગુલાબી, કેમ કરી જાશો ચાકરી રે?
રસચુંદડી [૩૧, ૧૨, ૧૯૨૨]
રસબાળા [૧૯૧૫] શેરી વળાવી સજ કરું, ઘેર આવોને;
આંગણિયે વેરૂં ફુલ, હરિ ઘેર આવોને.
રસરાજ [૧૯૧૫] ગોકુળ આવજો રે મહારાજ
રીસામણી [૩૧, ૮, ૧૯]
લ્યો [૧૪, ૮, ૨૩]
લ્યો લ્યો પાનખીડાં [૧૦, ૯, ૨૩]
વર્ષાનો રાસ [૨૦, ૭, ૨૬] ખમ્મા, વીરાને જાઉં વારણે રે લોલ
વસંતપ્રાણ [૧૭, ૮, ૨૩] શેરનો સુબો ક્યારે આવશે રે...ને મળતો
વિદાય [૧૯૧૯]
વિમાન [૧૯૧૫] 'પતંગિયાંના ગીત' જેવો
વીરપસલી [૨૦, ૩, ૨૩] વનરાવન મોરલી વાગે છે;
એનો શબ્દ ગગનમાં ગાજે છે.
વીરાનું બાળ [૧૯૧૯] 'મોગરાની માળ' જેવો
વીરો વધાવો [૧૯૧૫] આજનો લ્હાવો લીજીએ રે
કાલ કોણે દીઠી છે?
વેણી વિખરાણી [૧૯૧૫] મેઘાડંબર ગાજે
શું રે હશે? [૧૯૨૦] 'ક્યાં રે ગયો'ના જેવો
શૈશવનો રાસ [૧૯૨૬]
સૌભાગ્ય ભળ્યાં [૧૯૧૫] કુંજલડી સંદેશો અમારો
જઇ વાલમને કહેજો જી રે...ને મળતો
હાલરડું [૧૯૧૫] 'સોનબાઇના ગીત'નો
હોડલી [૨૮, ૧, ૧૭] પુરનો મોરલો હો રાજ...નો

મુદ્રણસ્થાન : વસંત મુદ્રણાલય. મુદ્રક : ચીમનલાલ ઈશ્વરલાલ મ્હેતા
ઘીકાંટારોડ : : અમદાવાદ